# મનીષ વી. સોજીત્રા

(ટેક્ષેશન & ઈન્ડસ્ટ્રીયલ કન્સલટન્ટ)

૬૦૪–૬૦૫,સ્ટાર પ્લાઝા,
ફુલછાબ ચોક,
રાજકોટ.
ફોન નં.૩૨૯૧૬૭૮/૨૪૫૫૬૭૮

૯,મરીયમબાગ,૧લો માળે,
મોંઘીબા ગર્લ્સ સ્કુલ સામે,
ગોંડલ.મો.૯૮૨૫૨૨૦૬૭૮
ફોનનં. ૨૩૦૬૭૮/૨૨૦૬૭૮

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

Ref,no:mvs/08-09/01 તા. ૧૧/૦૯/૨૦૦૮

શ્રીમાન અસીલશ્રી,

જય ભારત સાથે જણાવવાનું કે જો આપ ગુજરાત રાજય બહારથી કેન્દ્રીય કાયદા હેઠળના ફોર્મ–સી, સામે માલ ખરીદ કરતા હો અને તમોએ આવા કરેલ વ્યવહારોના ફોર્મ–સી, વેચનાર વેપારીને આપવાના બાકી હોય તો તા:૩૦/૦૬/૦૮ સુધીનાં તમામ ફોર્મ એકી સાથે આપવા સરકારશ્રી દ્વારા એક સ્કીમ બહાર પાડવામાં આવેલ છે. જેનો લાભ લેવા તાત્કાલીક અમોની ઓફીસનો સંપર્ક કરવો.

➔ આ સ્કીમનો લાભ લેવો ફરજીયાત છે, અન્યથા તા:૩૦/૦૬/૦૮ પહેલાનાં વ્યવહારો અન્વયે આપવાપાત્ર સી–ફોર્મ, તા. ૧૫/૦૯/૦૮ પછી ડીપાર્ટમેન્ટ દ્વારા આપને આપવામાં આવશે નહી.

➔ આ સ્કીમનો લાભ લેવા માંગતા વેપારીએ તા:૧૫/૦૯/૦૮ પહેલા અરજી કરવી ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવી.
ઉપરોકત વિગત અન્વયે અમારી ઓફીસનો તાત્કાલિક રૂબરૂ સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

## –:: વ્યવસાયવેરો ::–

➔ જયભારત સાથ જણાવવાનું કે તાજેતરના સુધારા અનુસાર વ્યવસાયવેરાની તમામ કામગીરી આપના વિસ્તારને લાગુ પડતી ગ્રામપંચાયત/જીલ્લાપંચાયત/મ્યુનીસીપલ– કચેરીએ કરવાની રહેશે.

➔ નાણાકીય વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ નો વ્યવસાયવેરો ભરવાની છેલ્લી તા. ૩૧/૦૩/૦૯ છે વિવિધ વ્યવસાયના વેરાના દર નીચે મુજબ છે.

૧. <u>વેટના કાયદા હેઠળ નોંધાયેલા વેપારી:–</u>

➢ રૂપિયા અઢી લાખથી ઓછું ટર્નઓવર હોયતો — માફી
➢ રૂપિયા અઢી લાખથી વધુ પરંતુ પાંચ લાખ કરતા ઓછું ટર્નઓવર — રૂ. ૫૦૦/–
➢ રૂપિયા પાંચ લાખથી વધુ પરંતુ દસ લાખ કરતા ઓછું ટર્નઓવર — રૂ. ૧૨૫૦/–
➢ રૂપિયા દસ લાખથી વધુ ટર્નઓવર — રૂ. ૨૪૦૦/–
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~

૨. વકીલ, ડોકટર, એન્જીનીયર, ઈન્સ્યોરન્સ એજન્ટ, કોન્ટ્રાકટર, કમીશન, એજન્ટ, દલાલ તથા ટયુશન કલાસીસ.

(એ) પબ્લીક કે પ્રાઈવેટ લીમીટેડ કંપની.
(બી) ભાગીદારી કાયદા–૧૯૩૨ હેઠળ નોંધાયેલ ભાગીદારી પેઢી.
(સી) ફેકટરી એકટ–૧૯૪૮ હેઠળ નોંધાયેલ કારખાના વગેરે.

ઉપરોકત અનુક્રમાંક (૨)ના (એ)થી(સી) સુધીના વ્યવસાયીઓએ પોતાના લાગુ પડતા વિસ્તાર અનુસાર નીચે મુજબનો વ્યવસાયવેરો ભરવાનો થશે.

→ ગ્રામપંચાયત રૂ. ૫૦૦/–
→ નગર સેવા સદન રૂ. ૧૦૦૦/–
→ નગર સેવા નિગમ રૂ. ૨૦૦૦/–

ઉપરોકત વેરો વાર્ષિક વેરો છે. જે દર વર્ષે ૩૧–માર્ચ પહેલા ભરવાનો હોય છે.

૩. પગાર ચૂકવનાર તમામ પ્રકારના વ્યવસાય/વેપાર–ધંધો ધરાવનારે તેમના કર્મચારી ના પગારમાંથી માસીક વેરાની કપાત કરી વ્યવસાયવેરો જે તે ગ્રામપંચાયત /નગરપાલિકા /નગરનિગમને જમા કરાવવાની જવાબદારી છે. જેના દર નીચે મુજબ છે.

| માસીક પગાર | વ્યવસાય વેરા |
|---|---|
| રૂ. ૩૦૦૦/– થી ઓછો | – |
| રૂ. ૩૦૦૦/– થી ૬૦૦૦/– | ૨૦/– |
| રૂ. ૬૦૦૦/– થી ૯૦૦૦/– | ૮૦/– |
| રૂ. ૯૦૦૦/– થી ૧૨૦૦૦/– | ૧૫૦/– |
| રૂ. ૧૨૦૦૦/– થી વધુ પગાર | ૨૦૦/– |

વર્ષ : ૨૦૦૮–૨૦૦૯ થી વ્યવસાય વેરા નોંધણી નંબર આપવાની તેમજ વેરો ઉઘરાવવાની અથવા તેને લગતી તમામ કાર્યવાહી ગ્રામપંચાયત, નગરપાલીકા અથવા નગરનિગમ ને સોપવામાં આવેલ હોવાથી આપ આપનો ભરવાપાત્ર વ્યવસાય વેરો આપને લાગુ પડતી કચેરી માં ભરી આપશોજી. કારણ કે વેલ્યુ એડેડ ટેક્ષ(**VAT**) ડિપાર્ટમેન્ટની કચેરીમાં ઉકત કામ–કાજ થતું ન હોય હવે પછી વ્યવસાય વેરાને લગતી કોઈપણ પ્રકારની કન્સલટન્સી અમારી ઓફીસેથી કરવામાં નહી આવે તેની નમ્ર નોંધ લેવા વિનંતી.

આપનો વિશ્વાસુ